# UPના જજ દંપતીની હત્યા કુંદન ભગત ગેંગે જ કરી હતી

**હત્યામાં** વપરાયેલું હથિયાર જ સુરતની લૂંટ માટે લાવ્યા હતા

**વરાછા** SBI લૂંટના આરોપીઓના સોમવાર સુધીના રિમાન્ડ

સુરતઃવરાછા વિસ્તારમાં આવેલી SBI બેન્કમાં 27મી એપ્રિલના રોજ થયેલી રૂ. 48.15 લાખની સનસનીખેજ લૂંટના ગુનામાં કુખ્યાત ગુનેગાર કુંદન ઉર્ફે કુંદન ભગત કામેશ્વરપ્રસાદ અને શુભમને કોર્ટમાં રજૂ કરી સોમવાર સુધીના રિમાન્ડ મેળવ્યા છે. રિમાન્ડ દરમિયાન શુભમે મુઝફ્ફર નગરના જજ અને તેમની પત્નીની હત્યામાં વેપન સપ્લાઇ કર્યું હોવાની કબૂલાત કરી છે.આજ વેપન લૂંટમાં વપરાયું છે.

વરાછાની SBI શાખામાં સાત સશસ્ત્ર લૂંટારુઓ ધસી આવ્યા હતા અને બેન્કના કર્મચારીઓ તથા ગ્રાહકોને બંધક બનાવી રૂ. 48.15 લાખની રોકડ તેમજ મોબાઈલ ફોનની લૂંટ ચલાવી હતી. ઘટનાને અંજામ આપ્યા બાદ તમામ આરોપીઓ ઉત્તર પ્રદેશ અને બિહાર તરફ ભાગી છૂટ્યા હતા.તપાસ દરમિયાન સુરત પોલીસે ઉત્તર પ્રદેશના અયોધ્યાથી શુભમકુમાર અજીત ઠાકુર, શિકુમાર ઉર્ફે મુકેશ લખેન્દ્ર તથા લૂંટની રકમમાંથી રૂ. 90 હજાર ટ્રાન્સફર કરવામાં મદદ કરનાર વિકાસસિંહ અરુણસિંહ રાજપૂતની ધરપકડ કરી હતી. ત્યારબાદ તપાસનો રેલો બિહાર સુધી પહોંચતા કુખ્યાત ગુનેગાર કુંદન ભગતની ગેંગની સંડોવણી ખુલ્લી પડી હતી.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે દહેરાદૂનમાં થયેલી રૂ. 14 કરોડના સોનાની લૂંટ સહિતના સંગઠિત અપરાધોમાં સંડોવાયેલો કુંદન ભગત બિહારની બેઉર જેલમાં બંધ હોવા છતાં ગેંગનું સંચાલન કરતો હતો. તેણે પોતાના વિશ્વાસુ સાગરીતો સૌરભ, અભિષેક ઉર્ફે શુભમ ગાંધી ઉર્ફે એલેક્ષ, પ્રિન્સ કુમાર, વિજય અને સુમિતને સુરતમાં લૂંટ કરવા માટે મોકલ્યા હતા. આરોપીઓને સુરતમાં રહેવા અને સ્થાનિક વ્યવસ્થા ઉભી કરવામાં વિકાસસિંહ ઉર્ફે ચંદન ઉર્ફે જેક ઉર્ફે દીપકે મદદ કરી હતી.

ગત અઠવાડિયે વરાછા પોલીસે કુંદન ભગતને બિહારની જેલમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે કબજામાં લઈ લાજપોર જેલમાં ખસેડ્યો હતો. ત્યારબાદ કુંદન અને શુભમને કોર્ટમાં રજૂ કરી સાત દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. કોર્ટે બંને આરોપીઓને ચાર દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપ્યા હતા.

## ઉનમાં પાણીથી ભરેલી ડોલમાં પડી જતાં દોઢ વર્ષની બાળકીનું મોત

સુરતઃ શહેરમાં માતા-પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં ઉન પાટિયા ખાતે રહેતા શ્રમજીવી પરિવારની દોઢ વર્ષની પુત્રી પાણીથી ભરેલી ડોલમાં પડી જતા મોત થયું હતું. મળેલી માહિતી મુજબ મૂળ ઉત્તરપ્રદેશના અને હાલમાં ઉન તિરૂપતિ નગર ખાત રહેતા મોબિન અંસારીની દોઢ વર્ષની પુત્રી સાનિયા ઘરમાં રમતાં રમતાં પાણી ભરેલીમાં પડી ગઈ હતી. કામમાં વ્યસ્ત માતાને લાંબા સમય બાદ બનાવની જાણ થતા જ તાત્કાલિક સાનિયાને ડોલમાંથી બહાર કાઢી તેના પિતાને જાણ કરી હતી. જેથી પિતા પણ ઘરે દોડી આવ્યા હતા અને તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન શુક્રવારે સવારે સાનિયાનું મોત થયું હતું.

શહેર ભાજપ સંગઠનની સત્તા પર કાતર ફરી

# સ્થાયી સમિતીની મીટિંગ પહેલાની પક્ષની સંકલન મીટિંગ બંધ

**સ્થાયી** સમિતી અને ખાસ સમિતીની બેઠક પહેલા પક્ષની સંકલન મળતી હતી અને નિર્ણયો લેવાતા હતા

સુરત : શહેર ભાજપ સંગઠનની સત્તા પર કાતર ફેરવાઈ હોય તેમ અત્યાર સુધી ચાલતી સ્થાયી સમિતીની મીટિંગ પહેલાની પક્ષની સંકલન મીટિંગ બંધ કરી દેવામાં આવી છે. કહે છે કે પ્રદેશ સ્તરેથી આ બ્રેક મારવામાં આવી છે.

ભાજપમાં વરસોથી એવી સીસ્ટમ રહી છે કે, મહાનગર પાલિકાઓમાં સ્થાનિક સંગઠનનું બેકસાઈડ ડ્રાઈવિંગ હોય છે. દરેક સામાન્ય સભા અને દર અઠવાડીયે મળતી સ્થાયી સમિતિની મીટિંગો ત્યાં સુધી કે ખાસ કમિટિની મીટિંગ પહેલા પણ શહેર ભાજપ પ્રમુખની આગેવાનીમાં સંકલન મીટિંગ યોજાતી હતી. જેમાં એજન્ડા પરના કામો પર શું નિર્ણય લેવા તેનો નિર્ણય પણ આ સંકલનમાં જ લેવાતો હતો. જો કે હવે પ્રદેશ સ્તરેથી આ પરંપરા બંધ કરવા અને તમામ મનપાની સ્થાયી સમિતિ અને જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની સંકલન માત્ર તેના અધ્યક્ષની આગેવાનીમાં લેવા અને તેમાં માત્ર સમિતિના સભ્યોને હાજર રાખવાની સૂચના આવતા વર્ષોથી ચાલતી આ પક્ષની સંકલન બેઠક કાયમી ધોરણે બંધ થાય તેવી સંભાવના છે. અત્રે ઉલ્લખનીય છે કે એજન્ડા પરના કામોને લઈને પાર્ટી ફંડ ઉઘરાવવાની સિસ્ટમ સેટ થઈ હતી પરંતુ હાલ પુરતું પાર્ટી ફંડ લેવા મુદ્દે પણ બ્રેક મારવા કહેવાયું હોવાનુ ભાજપના સુત્રો જણાવી રહ્યાં છે.

### સંકલનની બેઠક સ્થાયી કરતા પાવરફુલ : વજનદાર નેતાઓની નિમણૂંકો થતી હતી

સુરત જેવા અબજોનું બજેટ ધરાવતા મ્યુનિસિપલ કોર્પોરેશનના વહીવટમાં સ્થાયી સમિતિ પાસે ભલે તિજોરીની ચાવી હોય, પંરતુ સંગઠનની સંકલન સમિતિ તેના કરતા પણ પાવર ફુલ મનાતી હતી. તમામ નિર્ણયો સંકલન સમિતિમાં લેવાતા હતા અને સ્થાયી સમિતિ ચેરમેન અને સભ્યોએ માત્ર આંગળી ઉંચી કરવાનું કામ રહેતું હતું. આ સંકલન એટલી પાવર ફુલ મનાતી હતી કે, સુરતમાં એક સમયે વિવિધ જુથો વચ્ચે બેલેન્સ રાખવા અને પ્રદેશનો વોલ્ટ રાખવા સ્વ. પ્રવિણ નાયક અને પુર્વ ધારાસભ્ય સ્વ. કનુભાઇ માવાણી સ્પેશિયલ નિમણુંક કરવામાં આવી હતી.

## આર્થિક સંકડામણમાં હીરાના કારખાનેદારનો આપઘાત

સુરતઃ અમરેલી જિલ્લાના મોટા લીલીયાના વતની મુકેશભાઈ ભીખાભાઈ કાછડીયા (ઉ.વ.50) કાપોદ્રાની ગાયત્રી સોસાયટીની શેરી નં.5માં હીરાનું કારખાનું ચલાવતા હતા. શુક્રવારે વહેલી સવારે મુકેશભાઈ રોજ મુજબ હીરાના કારખાનામાં આવ્યા હતા. ત્યારબાદ તેઓએ લોખંડની હૂક સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તેમણે આર્થિક સંકડામણમાં આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

## પાંડેસરામાં આર્થિક સંકડામણમાં કામદારનો આપઘાત

સુરતઃ પાંડેસરામાં આર્થિક સંકડામણમાં શ્રમજીવી યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ ઉત્તરપ્રદેશના વતની રાહુલ કૃષ્ણ પાલ (29 વર્ષ) હાલમાં પાંડેસરા વિસ્તારમાં આવેલ ઘરમનગરમાં રહેતો હતો. તે મજૂરી કામ કરતો હતો. આજે સવારે તેએ પંખા સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. રાહુલે આર્થિક સંકડામણમાં આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

## વતનમાં રહેતી પત્ની સાથે ફોન પર ઝગડો શ્રમજીવીનો આપઘાત

સુરતઃ વતનમાં રહેતી પત્ની સાથે ફોન પર ઝગડો થતા શ્રમજીવી યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશ હમીરપુરના વતની પ્રદીપ મુનાલાલ આહીર્વાર (36 વર્ષ) હાલમાં પાંડેસરા વિસ્તારમાં આવેલ જયઅંબે નગરમાં રહેતો હતો અને ટેમ્પો ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ગુરુવારે તેનો વતનમાં રહેતી પત્ની સાથે ફોન પર વાત કરતા સમયે ઝગડો થયો હતો. જેથી માઠું લાગી આવતા તેણે ફાંસો ખાઇ લીધો હતો.

## લિંબાયતમાં નશામાં ધૂત યુવકની આત્મહત્યા

સુરતઃ મૂળ મધ્યપ્રદેશના વતની મનોજ ગણેશભાઈ કોળી (41 વર્ષ) હાલમાં લિંબાયત વિસ્તારમાં આવેલ મહાપ્રભુ નગરમાં રહેતો હતો અને સંચા ખાતામાં નોકરી કરતો હતો. તેનને દારૂ પીવાની કુટેવ હતી. તે દારૂ પીધા બાદ ઘરે આવીને ઝગડાઓ કરતો રહેતો હતો. દરમિયાન ગુરુવારે સાંજે પણ તે દારૂનો નશો કરીને ઘરે આવ્યો હતો. જ્યાં પરિવારે દારૂ પીવાની ના પાડી હતી. જેથી પરિવાર સાથે ઝગડો કર્યા બાદ તેણે ફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી.

## યોગી અર્બન સોસાયટીની મહિલા ડિફોલ્ટરને એક વર્ષની સજા

સુરતઃ યોગી અર્બન કો.ઓ. કેડીટ સોસાયટી લિ.ના ડીફોલ્ટર મીનાબેન અનિલભાઈ પટેલને એક વર્ષની કેદની સજા કોર્ટે ફટકારી હતી. ઉત્રાણનાં રહીશ મીનાબેન અનિલભાઈ પટેલએ યોગી અર્બન કો.ઓ. કેડીટ સોસાયટી લિ.માંથી લોન લીધી હતી. લોનની ચુકવણી પેટે આપેલાં ચેક રિટર્ન થતાં સંસ્થાનાં મેનેજર જગદીશ માણીયાએ એડવોકેટ નરેશ નાવડીયા, ભાવેશ નાવડીયા, સંદીપ માંગુકીયા મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસની સુનાવણી પૂર્ણ થયાં બાદ કોર્ટે આરોપી મીનાબેન પટેલને તકસીરવાર ઠરાવી એક વર્ષની કેદની સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ચુકવવાનો હુકમ કર્યો હતો.

# ડુમસ સી-ફેસને હવે રાત્રે 8 વાગ્યા સુધી ખુલ્લો રખાશે

**લોકો** દ્વારા બગીચાઓની જેમ સી-ફેસને પણ 11 વાગ્યા સુધી ખુલ્લો રાખવાની માંગણી કરાઈ હતી

સુરતઃ છેલ્લા ઘણા સમયથી જેની માંગણી કરાઈ રહી હતી તેવા ડુમસ ખાતેના સી ફેસ ડેવલપમેન્ટ ખાતે રાત્રે સમય લંબાવવાની માંગણીમાં મનપાએ હવે સી-ફેસ રાત્રે 8 વાગ્યા સુધી ખુલ્લું રાખવાનો નિર્ણય કર્યો છે. જોકે, મનપાનો નિર્ણય હજુ પણ લોકોની અપેક્ષા પ્રમાણે નથી. લોકોએ જે રીતે બગીચા રાત્રે 11 વાગ્યા સુધી ખુલ્લા રહે છે તેવી જ રીતે ડુમસ સી-ફેસ ખુલ્લો રાખવાની માંગણી કરી હતી.

ગત તા.8મી માર્ચના રોજ ડુમસ સી-ફેસ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ ટુરિઝમ પાર્કમાં દરિયા ગણેશ રોડ, કિડ્સ પ્લે એરિયા, પ્રોમીનાડ, વોક-વે, સાયકલ ટ્રેક અને વોરશીપ પ્લાઝા જેવા આધુનિક આકર્ષણોનો લાભ બાળકોથી લઈને વયસ્કો સુધીના તમામ લોકો ઉત્સાહભેર લઈ રહ્યા છે. વેકેશન અને જાહેર રજાઓના દિવસોમાં સહેલાણીઓની સંખ્યામાં સતત વ્યાપક વધારો થઈ રહ્યો હોવા છતાં મનપા દ્વારા રાત્રે 7 વાગ્યે સી-ફેસ બંધ કરી દેવાના નિયમને જડતાપૂર્વક વળગી રહેવામાં આવ્યું હતું. જેથી લોકો દ્વારા સી-ફેસ રાત્રે 11 વાગ્યા સુધી ખુલ્લો રાખવાની માંગણી કરવામાં આવી રહી હતી. જોકે, હવે મનપાએ આ માંગણીને અંશતઃ માની છે અને ડુમસ સી-ફેસ રાત્રે 8 વાગ્યા સુધી એટલે કે એક કલાક વધુ ખુલ્લો રાખવાનો નિર્ણય કર્યો છે.

## સુરતના શ્રમિકો છત્રી બનાવવામાં વ્યસ્ત



સુરતમાં ડબગર વાડ સહિત અનેક ઠેકાણે છત્રી બનાવવામાં આવે છે. હાલમાં સામે ચોમાસે કારીગરો છત્રી બનાવવામાં વ્યસ્ત જોવા મળે છે. (તસવીર : સતીષ જાદવ)

# GSTમાં ભ્રષ્ટ્રાચાર નાથવા AIથી કેસોના નિકાલ માટે PMને રજૂઆત

**જીએસટી** વિભાગમાં રોજિંદી પ્રક્રિયાઓ દરમિયાન અધિકારીઓના મનસ્વી વર્તન અને ભ્રષ્ટાચારનો આક્ષેપ

સુરતઃ દેશમાં કર પ્રશાસનને વધુ પારદર્શક અને વેપારીઓ માટે અનુકૂળ બનાવવા માટે એક મોટું અને ક્રાંતિકારી પગલું ભરવા માંગ ઉઠી છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એસોસિએશન (CAAS) દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ કર પ્રશાસનમાં જવાબદાર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ના તાત્કાલિક અમલીકરણ માટે સત્તાવાર રજૂઆત કરવામાં આવી છે. એસોસિએશનનું માનવું છે કે ટેક્નોલોજીના ઉપયોગથી કરદાતાઓ અને વેપારીઓની મુશ્કેલીઓમાં મોટો ઘટાડો થઈ શકે છે.

CAAS દ્વારા કરવામાં આવેલી આ મહત્વપૂર્ણ રજૂઆતમાં જીએસટી (GST) પ્રણાલીના કેટલાક ગંભીર પડકારો તરફ સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું છે. રજૂઆતમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે જીએસટી રજિસ્ટ્રેશન, રિફંડ પ્રક્રિયા, કેન્સલેશન, અસેસમેન્ટ અને અપીલ જેવી નિયમિત અને રોજિંદી પ્રક્રિયાઓમાં સ્થાનિક અધિકારીઓ પાસે અતિશય અને અનિયંત્રિત મનસ્વી સત્તાઓ રહેલી છે.

આ મનસ્વી સત્તાના કારણે પ્રમાણિક કરદાતાઓને બિનજરૂરી વિલંબ, હેરાનગતિ અને માનસિક ત્રાસનો સામનો કરવો પડે છે. વધુમાં, આ વ્યવસ્થા સીધી કે આડકતરી રીતે ભ્રષ્ટાચાર અને લાંચરુશવતની નવી તકો ઊભી કરે છે, જે દેશના વેપાર ઉદ્યોગ માટે નુકસાનકારક છે.

આ સમસ્યાઓના કાયમી ઉકેલ માટે એસોસિએશને આધુનિક ટેક્નોલોજી આધારિત વ્યવસ્થા ગોઠવવાની ભલામણ કરી છે. ઓટોમેટિક ક્લિયરન્સ અને અધિકારીઓની જવાબદારી નક્કી કરવા સૂચન કરાયું છે. જે કેસોમાં વેપારીઓ દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજો અને નિર્ધારિત માપદંડો બિલકુલ સ્પષ્ટ અને સાચા હોય ત્યાં કોઈ માનવીય દખલ વગર આપોઆપ, પારદર્શક અને ઓડિટ થઈ શકે તેવી ડિજિટલ પદ્ધતિથી જ કેસોનું તાત્કાલિક નિરાકરણ આવવું જોઈએ. જો કોઈ અધિકારી દ્વારા કરદાતાની વિરુદ્ધમાં કે પ્રતિકૂળ નિર્ણય લેવામાં આવે તો તે નિર્ણય પાછળના ચોક્કસ અને કાયદાકીય કારણો સંબંધિત નામિત અધિકારીએ સિસ્ટમમાં ઓનલાઈન નોંધવા પડશે. આનાથી અધિકારીઓની વ્યક્તિગત જવાબદારી નક્કી થશે. CAAS ના મતે જો જીએસટી પ્રશાસનમાં AI અને ટેક્નોલોજીનો આ પ્રકારે સચોટ અમલ કરવામાં આવશે તો તેનાથી ટેક્સ સિસ્ટમમાં પારદર્શિતા આવશે. વચેટિયાઓ અને અધિકારીઓની દખલગીરી ઘટતા દેશમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના અભિયાનને વેગ મળશે અને સરકાર પ્રત્યે કરદાતાઓનો વિશ્વાસ વધુ મજબૂત બનશે.

### ડેટા સુરક્ષાની માંગ

કરદાતાઓના અત્યંત ગુપ્ત અને નાણાકીય ડેટાના રક્ષણ માટે એસોસિએશને હાઈ-લેવલ એન્ક્રિપ્શન, એક્સેસ લોગ, ઓડિટ ટ્રેલ અને સમયાંતરે સ્વતંત્ર ટેક્નોલોજીકલ સમીક્ષા (આઈટી ઓડિટ) કરવાની પણ મજબૂત માંગ કરી છે.

# વરિયાવમાં ખાડી ધોવાણથી એક ડઝન મિલકતો અસરગ્રસ્ત

**સ્થાનિક** નગર સેવકો તેમજ અધિકારીઓએ રાઉન્ડ લીધો

**ધોવાણ** રોકવા વરસાદ પહેલા આયોજનની તાકીદ



સુરતઃમહાનગર પાલિકામાં સમાવિષ્ટ વરિયાવ ગામના માખડીયા ટેકરાની બાજુમાંથી પસાર થતી ખાડીની સ્થિતિ એવી છે કે અહી એકાદ ડઝન મકાનોને જમીનના ધોવાણની અસર થઇ રહી છે. જેના કારણે આ મિલકતોમાં રહેતા લોકો પર જોખમ હોવા અગે મળેલી ફરિયાદ બાદ સ્થાનિક નગરસેવકોએ અધિકારીઓને સાથે રાખી રાઉન્ડ લીધો હતો. તેમજ વરસાદ થાય તે પહેલા ધોવાણની અસરો નિવારવા માટે જરૂરી પગલા ભરવા વહીવટીતંત્રને સુચના આપવામાં આવી છે.

આ જગ્યા ખાતે ખાડીની સ્થિતી એવી છે કે ચોમાસામાં પાણીના વહેણના કારણે જમીનનુંધોવાણ થઇ રહ્યું છે.આ સ્થિતીના કારણે આસપાસના 12 થી 15 મકાનો પર જોખમ વધ્યું છે. આ બાબતે સ્થાનિક ધારાસભ્ય મુકેશ પટેલને ફરિયાદ થઈ હતી. જેના અનુસંધાને સ્થાનિક કોર્પોરેટરો સાથે સંકલન કરી અધિકારીઓને સાથે રાખી ત્વરિત સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. તેમજ સ્થાનિક લોકોને પણ સાથે રાખી અધિકારીઓને બોલાવીને પરિસ્થિતિની ગંભીરતાથી વાકેફ કરાયા હતા અને ચોમાસા દરમિયાન સ્થાનિક રહીશોને કોઈ તકલીફ ન પડે તે માટે વરસાદી સીઝનમાં પાણી ભરાવાની સમસ્યાનું કાયમી નિવારણ લાવવા, ડ્રેનેજ લાઈનોની યોગ્ય અને ઊંડાણપૂર્વક સફાઈ કરવા, મુખ્ય તેમજ આંતરિક રસ્તાઓની યોગ્ય જાળવણી રાખવા અને ભારે પવનના કારણે વૃક્ષો ધરાશાયી ન થાય તે માટે સમયસર વૃક્ષ ટ્રિમિંગ સહિતની તમામ પ્રિ-મોન્સુન કામગીરીઓ સમયસર અને અસરકારક રીતે પૂર્ણ કરવા અધિકારીઓને આદેશ અપાયા હતા.

# શાળાઓની 'ફિક્સ દુકાન' નીતિ સામે વાલીઓમાં રોષ

**ચોક્કસ** દુકાનેથી જ પુસ્તકો-યુનિફોર્મ ખરીદવાનું દબાણ હોવાનો આક્ષેપ, તપાસની માંગ

સુરતઃ શહેરની કેટલીક ખાનગી શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓને ચોક્કસ દુકાનોમાંથી જ યુનિફોર્મ, પાઠ્યપુસ્તકો અને અન્ય શૈક્ષણિક સામગ્રી ખરીદવા માટે ફરજ પાડવામાં આવતી હોવાના આક્ષેપો વચ્ચે આ મુદ્દો ગરમાયો છે. વાલીઓની વધતી ફરિયાદોને ધ્યાનમાં રાખી એનએસયુઆઈ (NSUI) દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી (DEO) ને આવેદનપત્ર પાઠવી સમગ્ર મામલે તાત્કાલિક તપાસ કરવાની માંગ કરવામાં આવી છે.કેટલાક કિસ્સાઓમાં અન્ય દુકાનમાંથી ખરીદેલી સામગ્રી શાળા દ્વારા સ્વીકારવામાં આવતી ન હોવાના પણ આક્ષેપ કરવામાં આવ્યા છે.

(NSUI)એ રજૂઆતમાં જણાવ્યું હતું કે, આવી પ્રથા વાલીઓની પસંદગીની સ્વતંત્રતા પર અસર કરે છે અને વિદ્યાર્થીઓને પણ મુશ્કેલીમાં મૂકે છે. નિર્ધારિત દુકાનોમાં બજાર ભાવ કરતાં ઊંચા દરે સામગ્રી વેચાતી હોવાના કારણે વાલીઓ પર વધારાનો આર્થિક બોજો પડી રહ્યો હોવાનું પણ જણાવાયું છે. વાલીઓને તેમની અનુકૂળતા મુજબ અને યોગ્ય કિંમતે ગુણવત્તાસભર શૈક્ષણિક સામગ્રી ખરીદવાનો અધિકાર છે. આથી જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા સમગ્ર મામલે વહીવટી તપાસ હાથ ધરી જવાબદાર સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેમજ વિદ્યાર્થીઓ અને વાલીઓના હિતમાં યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# કોસાડ આવાસમાં હત્યાની કોશિશ કરનાર બે ઝડપાયા

**ગાળ** બોલવાની ના પાડનાર યુવકને ચપ્પુના ઘા માર્યા હતા, યુવકની હાલત ગંભીર

સુરતઃ કોસાડ આવાસમાં જાહેરમાં ગાળો બોલવાની ના પાડવા જેવી નજીવી બાબતે યુવક પર છરી વડે જીવલેણ હુમલો કરનારા બે માથાભારે શખ્સોને પકડી પાડવામાં અમરોલી પોલીસને સફળતા મળી છે. પકડાયેલા બંને શખ્સો રીઢા ગુનેગાર હોવાનું અને ફર્નિચરના કામની આડમાં અસામાજિક પ્રવૃત્તિઓ કરતાં હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. કોસાડ આવાસમાં રોશન રાજકુમાર સહાની નામના યુવક પર હિંસક હુમલો થતાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. તપાસ કરી રહેલી પોલીસને મળેલી બાતમીના આધારે

અડાજણ પાટિયા પાસે આવેલા નૂરે ઈલાહી ટેનામેન્ટમાં રહેતા ૨૨ વર્ષીય ચંદ્રશેખર ઉર્ફે ચંદુ શૈલેષભાઈ નિશાદને દબોચી લીધો હતો. જ્યારે તેના બીજા સાગરીત સાહીલ ઉર્ફે બાંગો સંતોષભાઈ સહાની (ઉ.વ.૨૧, રહે. નિર્મળનગર સોસાયટી, અમરોલી) ને પણ ઘેરાબંધી કરીને ઝડપી પાડવામાં આવ્યો છે. આ બંને આરોપીઓ મૂળ ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના વતની હોવાનું ખુલ્યું છે .ઉલ્લેખનીય છે કે, કોસાડ આવાસના બિલ્ડિંગ નંબર ૮૯ પાસે આરોપીઓ જાહેરમાં બિભત્સ ગાળો બોલતા હતા, જેનો ભોગ બનનાર રોશને વિરોધ કર્યો હતો. આ સામાન્ય બાબતે અહમ ઘવાતા બંને નરાધમોએ રોશનને ઘેરી લઈ ખંજરના ઘા ઝીંકી દીધા હતા. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા રોશનની હાલ કિરણ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે, જ્યાં તેની સ્થિતિ હજુ પણ નાજુક હોવાનું તબીબો જણાવી રહ્યા છે.

# મહિલા ફેશન ડિઝાઈનરની જાહેરમાં કૂર્તી ફાડી નાંખી

**સોશિયલ** મીડિયા પર અભદ્ર ટીપ્પણી કરનારને ઠપકો આપવા ગઇ હતી

**અગાઉ** સરથાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હોવા છતાં સુધર્યો ન હતો

સુરતઃનાના વરાછા ખાતે રહેતી અને ફેશન ડિઝાઈનર તરીકે કામ કરતી મહિલા વિશે સોશિયલ મીડિયા કે મિત્રો વર્તુળમાં અભદ્ર વાતો કરનાર શખ્સને ઠપકો આપવા જવું દંપતીને ભારે પડ્યું છે. કતારગામની સોસાયટીમાં જઈને આ બાબતે પૂછપરછ કરતાં ઉશ્કેરાયેલા હુમલાખોર યુવકે મહિલાને ધક્કો મારી પાડી દીધી હતી અને જાહેરમાં તેની કુર્તી પકડીને ખેંચી કાઢતાં કુર્તી ફાટી ગઈ હતી. આ દરમિયાન બચાવવા વચ્ચે પડેલા શિક્ષક પતિ સાથે પણ હુમલાખોરે છુટા હાથની મારામારી કરી હોબાળો મચાવ્યો હતો. આ ચકચારી ઘટના અંગે કતારગામ પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

નાના વરાછા વિસ્તારમાં રહેતા અને ઘરેથી જ ફેશન ડિઝાઈનિંગનું કામ કરતા વૈશાલીબેન (નામ બદલ્યું છે)એ અગાઉ હીરેન માંગુકીયા નામના યુવક વિરૂદ્ધ સરથાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હતી.આમ છતાં હીરેન સુધર્યો ન હતો અને વૈશાલીબેનના મિત્રો સમક્ષ તેમના વિશે ગંદી અને અભદ્ર ટિપ્પણીઓ કરતો હતો.આ બાબતે વૈશાલીબેને હીરેનના પિતાને ફોન કરી દીકરાને સુધારવા વિનંતી કરી હતી. જો કે, આ વાતની અદાવત રાખીને હીરેને ગૌશાલીબેનને ફોન પર બેફામ ગાળો આપી ધમકી આપી હતી.આ વિવાદનો અંત લાવવા માટે વૈશાલીબેન અને તેમના શિક્ષક પતિ ગત રાત્રે કતારગામની પ્રિયાપાર્ક સોસાયટીમાં આવેલા હીરેનના ઘરે રૂબરૂ વાતચીત કરવા ગયા હતા.દંપતીને ઘરે જોઈને હીરેન ત્યાંથી ભાગવા લાગ્યો હતો. વૈશાલીબેન અને તેમના પતિએ તેને પાર્કિંગમાં પકડી પાડતાં હીરેન એકદમ હિંસક બની ગયો હતો.તેણે વૈશાલીબેનની છાતીના ભાગેથી કુર્તી પકડીને જોરથી ખેંચતા કુર્તી ફાટી ગઈ હતી અને નખ વાગતા ઈજા થઈ હતી.પત્નીની આ હાલત જોઈ શિક્ષક પતિ પણ ગુસ્સે ભરાયા હતા અને બંને વચ્ચે ભારે ઝપાઝપી અને મારામારી થઈ હતી.

# ચીફ કોર્ટના નાઝરના ગેરવર્તન મુદ્દે પ્રિન્સિપલ જજને વકીલમંડળની રજૂઆત

સુરતઃ વોરંટ રદની અરજીના હુકમ અન્વયે પેનલ્ટી ભરવા જતાં વકીલ પ્રકાશ ડાભી સાથે ગેરવર્તન કરનાર નાઝર સામે પ્રિન્સિપલ જજને વકીલમંડળના પ્રમુખ ઉદય પટેલ, ગગજી ભરવાડ, પ્રકાશ ડાભી સહિતના વકીલોએ રજૂઆત કરી બરતરફ કરવા માંગ કરી હતી. પ્રિન્સિપલ જજને કરાયેલી લેખિત રજૂઆતમાં વકીલ પ્રકાશ ડાભીએ જણાવ્યું હતું કે, આજરોજ આરોપીની વોરંટ રદની અરજીના હુકમ અન્વયે પેનલ્ટી ભરવા માટે ગયા ત્યારે નાઝરે ઉશ્કેરાઇ જઇ ગેરવર્તન કર્યું હતું અને કાગળ ફેંકી દીધો હતો. એડ્વોકેટે આક્ષેપ કર્યો હતો કે નાઝરે પોતાની ફરજ મુજબની કામગીરી ન કરી, કોર્ટના હુકમના અમલમાં વિલંબ કર્યો અને અયોગ્ય વર્તન કર્યું હતું. નાઝર વિરુદ્ધ યોગ્ય વિભાગીય અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા તેમજ તેમને તાત્કાલિક હોદ્દા પરથી દૂર કરવાની માંગ કરી હતી. અગાઉ પણ વકીલ મંડળે આ નાઝર વિરુદ્ધ રજૂઆત કરી હતી.

